# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

## સલામી સવારની..

જેમ અપવાસ સિવાય કોઇ સાંભળતા નથી!
એમ પ્રાર્થના - યજ્ઞ વિના ઇન્દ્ર સાંભળતા નથી!
સાંભળતા ન કોઇ કલદારના કલરવ વિના -
ભૂલે ફરજ, રંકનું તો કોઇ સાંભળતા નથી..

## હાઇકુ

હવે બીજાના -
શ્વાસ કરે અધ્ધર
પ્રાણાયામથી..
(મા. કેશુભાઇનું આત્મભળ)

કેજરી વાલે
ગુજરાતમાં પણ
ખંજરી - વાલે
(મેરે કરતૂત બૂલાતે હૈં
ડફલી વાલે...)

## ચિંતન

**વાસાંસિ વ્રજચારિવારિજદંશાં હૃત્વા હઠાદુચ્ચ કૈર્ યઃ પ્રાગભૂરુહમારુરોહ સ પુનર્વસ્ત્રાણિ વિસ્તાચ્યન્ ।**
**વ્રીડાભારમપાચાકાર સહસાં પાંચાલા જામાઃ સ્વયં કો જાનાતિ જનો જનાર્દનામનો વૃત્તિઃ કદા કીદૃશી ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક ભાગવત્ અને મહાભારતની કૃષ્ણલીલાને સાંકળીને ભગવાન કૃષ્ણની વૃત્તિનું વર્ણન સાથે તેમની અકળ લીલાની વાત કરે છે :

જે કૃષ્ણ એ પૂર્વે માછલીના જેવાં નેત્રોવાળી મૃગબાળાઓ - ગોપીઓના વસ્ત્રો લઇને સાહસથી વૃક્ષ પર ચઢી ગયા હતા. અને જે કૃષ્ણ પોતાની હઠ પૂર્વક વસ્ત્રો ગોપીની વિનંતી છતાં પરત આપતા ન હતા. તે જ કૃષ્ણએ પાંચાલી-દ્રૌપદીને દુર્યોધનની સભામાં દુ:શાસન દ્વારા થતાં વસ્ત્રહરણ વખતે એક પછી એક વસ્ત્રો પુરાં પાડીને પોતાનાં વૃંદાવનમાં થયેલાં કૃત્યોનો ભાર દૂર કર્યો.

ખરેખર ભગવાનનાં મનની વૃત્તિ કયારે કેવી હોય તે કોણ કેવી રીતે જાણી શકે?

એ જ મરજાદી - હવેલીપંથી ભગવાન કૃષ્ણ પવિત્ર-ચોખલિયો - સમયસર ખાનાર - ઉઠનાર અને સ્પર્શ - અપર્શમાં સાવધ માખણ ચોરીને ખાય, વિદુરની ભાજી પણ ખાય.

કોની પ્રાર્થનામાં દંભ છે અને કોની પ્રાર્થનામાં હૃદયનો દાહ છે એની એને ખબર છે આપણે એની તાટસ્થ્ય પૂર્ણ વૃત્તિ - વર્તનને ઓળખી નથી શકતા.

## સુવિચાર

- પ્રેમ એટલે અખિલની આરાધના - **પ્લેટો**
- મૈત્રી સાચવી રાખવા માટે એ મહત્ત્વનું છે કે મૈત્રીમાં કોઇ કાયમ માટે ખરું હોતું નથી, કોઇ પહેલું હોતું નથી, કોઇનું મક્કમપણું રહેતું નથી - **સુઝાન પોલિસ સટ્ઝ**
- માણસને જો સમજવો હોય તો એ જે નથી કહેતો - નથી કહી શકવાનો તે સમજવા-સાંભળવા મથવું પડે - **જ્હોન પોવેલ**
- સુખ, એ એક એવી ચીજ છે જે પરસ્પર વહેંચવા માટે જ સર્જાયેલી છે- **પીઅર કોમીલે**
- જેમ ટીપે ટીપે પાત્ર ભરાઇ જાય, તેમ પ્રેમ-કરૂણા અને માયાળુપણાની બૂંદોથી મૈત્રી રચાઇ જાય, હૃદય છલકાઇ જાય છે - **એસ. જોન્સન**
- આ દુનિયામાં હું નગ્ન અવસ્થામાં જ આવ્યો હતો અને જઇશ પણ નગ્ન અવસ્થામાં જ, મારાં પહેરણના આવરણ અંદર પણ હું નગ્ન જ છું, પહેરણનો રંગ ગમે તે હોય - **ઇ.એમ.ફોસ્ટર**
- ઠારે તે સ્વજન, દઝાડે તે દુશ્મન, પ્રજાળે તે પ્રિયજન અને પજવે તે દુરિજન- **ગુણવંત શાહ**

## બોધ કથા

ઘણીવાર માણસને પોતાની-આત્મીય-નજીકની વ્યક્તિ તરફથી એવો 'ઘાવ' થાય છે કે તે જિંદગીભર રુઝાતો નથી. કદાચ સમયનું ભીંગડું તેના પર આવે પણ પીડાની લાલાસનો પસ તો તેના નીચે રહી જ જતો હોય છે. અને સમય - તક મળે તે ફરી 'પરૂ' બની કયારેક ફૂટી પણ નિકળે!

ચંદ્રનવદન ચીમનલાલ મહેતા, હાસ્યલેખક, નાટ્યકાર, એક અલગારી વ્યક્તિત્વ, તેમનાં લગ્ન વિલાસબેન સાથે થયાં, એકાદ વર્ષનાં લગ્નજીવનમાં વિલાસનો પ્રેમસંબંધ ચં. ચી. મહેતાના નજીકના મિત્ર સાથે જ થઇ ગયો. ચં.ચી.મહેતા એ હૃદય પર પથ્થર રાખી, મૈત્રી સાચવી લીધી અને છૂટાછેડા લઇ લીધા. વિલાસ મિત્ર-પત્ની થઇ ગયાં.

ચં.ચી. મહેતા પછીથી વિદેશ ગયા અને વર્ષો પછી પાછા આવ્યા. મિત્ર વર્તુળમાંથી જ એવા સમાચાર મળ્યા કે વિલાસની તબિયત ખરાબ છે અને તે મરણ પથારીએ છે.

સાહિત્યનો સંવેદનશીલ જીવ તરત એ મિત્રને ઘરે પહોંચ્યો, ત્યારે પશ્ચાતાપ હોય કે દુ:ખની ભાવના મિત્ર અને વિલાસ બંને ચં.ચી. પાસે ધ્રૂસકે ધ્રૂસકે રડ્યાં.. ત્યારે હાસ્યલેખક બોલ્યા :

રડ નહીં દોસ્ત, વિલાસ ભલે આપણી સાથે ન રહે, તારા માટે કરીને હું બીજીવાર લગ્ન કરીશ!

# બાઇકર્સ ગેંગને તાકીદે નાથવી જોઇએ

### તંત્રી સ્થાનેથી...

ગાંધીનગરમાં આજકાલ અમદાવાદની જેમ બાઈકર્સ ગેંગનો ત્રાસ વધતો જાય છે. બુધવારની સાંજે નગરના વીઆઈપી વિસ્તાર એટલે કે સેકટર-૧૯/૨૦ ક્રોસિંગ પાસે બે દ્વિ-ચકી વાહનોને અડફેટે લઈ છ જણને ઈજા કરી હતી. માત્ર આ એક જ ઘટના છે એવું નથી. છેલ્લા છ મહિનામાં ૧૯ ઘટનાઓ આજ પ્રકારે અકસ્માતની નોંધાઈ છે. ગાંધીનગરના નબીરાઓ બેફામ બાઈક ચલાવી માર્ગો ઉપર ભય પેદા કરે છે. બાઈકર્સ ગેંગ માત્ર બાઈકો દોડાવે છે એટલું જ નહિ પરંતુ કેટલાક સ્ટંટ પણ કરે છે. તેમની હરકતોથી સામાન્ય વાહન ચાલકોને ભારે હાલાકી પહોંચે છે. શ્રીમંત પરિવારના નબીરાઓ મોંઘા ભાવની મોટર બાઈક ખરીદી નગરના જુદા જુદા પોઈન્ટ પર એકત્ર થઈ ટોળટપ્પા, મજાક-મશ્કરી કરવાની પ્રવૃત્તિ વકરતી જાય છે. બાપ કમાઈના પૈસાથી જલસા કરવા ટેવાયેલા નબીરાઓ નગરના જનજીવનને ડહોળી નાંખે છે. બાપાના હોદ્દા કે પૈસાની સલામતીના છત્ર હેઠળ આ પ્રકારની હરકતો કરનારા નબીરાઓની સંખ્યા પણ દિનપ્રતિદિન વધતી જાય છે.

ગાંધીનગર જેવા શાંત અને સરળ નગરમાં બાઈકર્સ ગેંગના તૂતના પ્રવેશથી સભ્યતાનું એક નવું પરિણામ પ્રવેશ્યું છે. ઈન્ફોસીટી, સુપરમોલ, ઘ-૪, ઘ-૩ અને ૧૯-૨૦ બસ સ્ટેન્ડ બાઈકર્સ ગેંગના મુખ્ય કેન્દ્રો છે. આ પ્રકારની હરકતો કરનારા નબીરાઓની શાન ઠેકાણે લાવવાનું કામ પોલીસે તાકીદે કરવું જોઈએ. કોઈની પણ શેહ શરમ વિના સમાજના નિર્દોષ નાગરિકોને અકસ્માતનો ભોગ બનતા અટકાવવા, અવનવી હરકતોથી બચાવવા પોલીસતંત્રએ લાલ આંખ કરવાનો સમય આવી પહોંચ્યો છે.

## ભણે તે બીજાનેય ગણે

વરસ આખું બધા વિદ્યાર્થીઓ રમે ને ભમે પણ છ - માસિક પરીક્ષા નજીક આવે ત્યારે? ડાહ્યા ડમરા થઈને બધા વિદ્યાર્થી વાંચે અને લખે અને ગણવા માંડે દાખલા.

આમ ભણવાનું ધમધોકાર ચાલતું હોય અને કોઈ કંઈ કામ સોંપે તો? તો ખભો ઊંચો ચઢાવીને આપે જવાબ : ઊં હૂ! પરીક્ષા પતે પછી કહેશો તે કરીશું, હમણાં તો એક જ કામ અને તે ભણવાનું!

પરીક્ષા સાવ નજીક હોવા છતાં હંસરાજ નામનો એક છોકરો ઘરમાં પગ વાળીને બેસે નહીં. આમ હતો તો હોંશિયાર, પણ પરીક્ષાની તૈયારી તો કરવી જોઈએ ને?

એ જતો એના ભાઈબંધ ને ઘેર, એમને દાખલા શીખવવા. કાં તો હોય કોઈ ડોસીમા ને ઘેર, માજીના દીકરા - દીકરીને કાગળ લખી આપવા. ગામની ગૌશાળામાં જઈ અપંગ વાછરડાને પગે પાટાપીંડી કરવા પણ બેસી જતો એ હંસરાજ!



- રેખા ભટ્ટ અને પૂજા ભટ્ટ

હંસરાજની આવી દોટંદોટા જોઈ એની બાએ કહ્યું : 'બેટા, તારી પરીક્ષા નજીક છે તેનો આ વિચાર કર! પરીક્ષા ટાણે ભણવાનું શા માટે?'

'બા, ભણવાનું શા માટે?'

'ભણીગણીને હોંશિયાર થવાનું.'

'તે પછી?' 'ખૂબ પૈસા કમાવાના!'

'બા, ભણેલા પણ કમાય છે અને અભણ પણ કમાય છે, તો પછી ભણેલા ને અભણમાં ભેદ શો?'

'કેમ, ભેદ કેવો?'

'ભેદ એટલો જ અભણ હોય તે માત્ર પોતાના માટે જ કમાય પણ ભણેલાએ તો બીજા માટે પણ થવાય એટલા મદદરૂપ થવું જોઈએ. ધનથી નહીં તો મનથી અને તનથી પણ મદદ કરાય.'

પંજાબના એ પરોપકારી સંત હંસરાજે આગળ જતાં મોટું વિદ્યાધામ શરૂ કરેલું, બધા એમને ઓળખે આ નામથી : મહાત્મા હંસરાજ.

## ભુલભુલામણી (પહોંચો તારા સુધી)



### બાળ મિત્રો,

શાળાઓમાં જઈને આપણે પાઠ્યપુસ્તકો ભણીએ છીએ, કવિતાઓ ગોખીએ છીએ, ગણિત-વિજ્ઞાન ઓગાળીને પી ગયા. પણ મોટા ભાગનાં બાલકોમાં શિસ્ત ઓછી જોવા મળે છે. આપણે ઘરમં હોઈએ કે શાળામાં કે જાહેર સ્થળોએ. આપણને શિસ્તપૂર્વક વર્તતાં આવડતું નથી.

- શાળામાં અને જાહેર સ્થળો એ ઘોંઘાટ કરીએ છીએ.
- ધક્કામુક્કી કરતાં - કરતાં જ આગળ વધીએ છીએ.
- પાણીના નળ ખુલ્લાં મુકી દઈને ચાલ્યા જઈએ છીએ.
- જે જગ્યાએથી બહાર નીકળીએ ત્યાં લાઈટ - પંખા, એ.સી. ચાલુ હોય તે બંધ કરીને જવાનું યાદ આવતું નથી.
- કાગળોનાં ડૂચા વાળીને જયાં ત્યાં ફેંકી દઈએ છીએ.
- નાસ્તો કર્યા પછી જે તે જગ્યાએ કચરો આપણે નાખ્યો હોય તે સાફ કરવાનું યાદ નથી આવતું.
- સાથે ભણતા મિત્રો સાથે મારામારી કરતાં ખચકાતાં નથી...


આવી તો કેટલીયે બાબતો હશે જેમાં આપણે બેદરકારીથી વર્તીએ છીએ. આમ કરીને આપણે જયાં રહીએ છીએ ત્યાં જ ગંદકી - કરીએ છીએ. ચોખ્ખાઈ રાખતા નથી. અને સાથે સારું વર્તન કરતાં નથી.

એવી કેટલીય બાબતો છે જેમાં આપણે જાતે જ પહેલ કરીને, આસપાસનાં સ્થળો, કે આપણી શાળા કે આપણું ઘર સ્વચ્છ રાખી શકીએ. ભણતર જેટલી જ અગત્યની છે 'સ્વયં શિસ્ત' અને તે આપણે જાળવવી જ રહી.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨૯મી જૂન




- 'સર' ના ખિતાબથી અંગ્રેજ સરકારે નવાજ્યા હોય તેવા મહાન શિક્ષણશાસ્ત્રી 'આશુતોષ મુખરજી' ની પુણ્યતિથિ.

  કલકત્તાની વરિષ્ઠ અદાલતના ન્યાયમૂર્તિ, માનવવંશ શાસ્ત્રના અભ્યાસી તથા સંસ્કૃત ભાષા પરીક્ષક મંડલના અધ્યક્ષ, ભારતના ગામેગામ - ઘરેઘર શિક્ષણનો પ્રસાર કરવાની તમન્ના ધરાવતાં હતા.
- ગુલામોના મુક્તિદાતા વિલિયમ્સ વિલ્બર ફોર્સની પુણ્યતિથિ ૧૮૩૩.
- ૧૨ ભાષાના જાણકાર, ઇતિહાસકાર, પુરાતત્ત્વવેત્તા, દામોદર ધર્માનંદ કૌસાંબી - પંડિતજીનું અવસાન ૧૯૬૬.
- ૧૯૧૮ માં ખેડા સત્યાગ્રહ સફળતાપૂર્વક સમાપ્ત, ગાંધીજીને 'માનપત્ર' અપાયું.

# મારૂં માનીતું ગામ બોરીજ મારૂં ગામ - મારૂં ધામ

ગાંધીનગર શહેરની રચના કાળથી જ નગર સાથે તાલ મિલાવતું બોરીજ એટલે ગાંધીનગરનું પાદર... 'બોરીજ' નામ પરથી એવું લાગે કે 'બોર' શબ્દના અપભ્રંશમાંથી 'બોરીજ' શબ્દ આવ્યો હોય.. લાગે છે કંઇક એવું જ... જૂના સમયમાં અહીં બોરડીઓની સંખ્યા ખુબ જ હતી જેની સાબિતી રૂપે હાલ પણ નવા પરામાં એક ભાગ બોરડી કંપાના નામે પ્રચલિત છે, ભૂતકાળમાં બોરીજનો તમામ વ્યવહાર પેથાપુર સાથે જોડાયેલ હતો. જેમાં શિક્ષણ, જીવન જરૂરી વસ્તુઓની ખરીદી ત્યાંથી જ થતી. ગાંધીનગરના વિકાસમાં બોરીજની ૧૬૬૧ એકર જમીન સંપાદીત કરવામાં આવેલી. નગરના વિકાસમાં આ ગામે પટાવાળા, મજૂર, કડીયા, માળીની સેવાઓ દ્વારા યોગદાન પૂરૂં પાડ્યું છે. બોરીજ ગામ ભૌગોલિક રીતે આઠેક ફળીયા, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાન, વનચેતના સાથે ઢોળાવો વાળી જમીન પર ચતુષ્કોણે પથરાયેલ છે. 'જૈન મંદિર' આ નાનકડા ગામની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. આ ગામમાં બક્ષીપંચ તથા અનુસૂચિત જાતિનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. સૌ સંપીને રહેશે. જ્ઞાતિવાદનો ભડકો અહીં કયારેય થયો નથી. આ નાનકડા ગામમાં દૂધ ઉત્પાદક



સહકારી મંડળી, ચાર દવાખાના (પ્રાઇવેટ) તથા નાની મોટી ૫૦ ઉપરાંત દુકાનો દ્વારા વિવિધ પ્રકારની સેવાઓ પુરી પાડે છે. ગામના ઉત્સાહીત યુવાનો સક્રીય થતા ઘણા વર્ષો બાદ ગટર, પાણી, ગરનાળા, તથા ગેસપાઇપ લાઇન જેવી પ્રાથમિક, સુવિધાઓ ઉપલબ્ધ થઇ છે ગામની સરહદને સડીને 'અક્ષરધામ' આવેલું છે, જેનાથી અમારા ગામની પણ શોભા વધે છે. ગામ નાનકડું પણ પાટનગરની બગલમાં હોવાથી શહેરીકરણના ઘણા લાભો બોરીજ મેળવી શક્યું છે. મોટી મહેલાતના પડખે એકાદ નાનુ ઝૂપડું હોય પણ એ ઝૂંપડાનેય મહેલાતની ઝાકમઝોળ નો લાભ અનાયાસે પણ મળી જ જાય છે. બસ અમારા બોરીજ ગામનું પણ એવું જ છે. શહેરીજનોને ગ્રામ્ય વિસ્તારની ઝલક જોવી હોય તો બોરીજની મુલાકાત લેવા જેવી ખરી.

- **ભરત દિક્ષિત**

# વર્ષનાં ૮ મહિના ગાંધીનગર ને ૪ મહિના પૂના રહેતા ચિપલોનકર દાદા શોખીન માણસ છે, ૮૦૦ થી વધુ કાર્ટૂનો દોરનાર આ કલાકાર વાંસળીનાં સૂર પણ છેડે છે

## કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

## હર ફિક્ર કો ધુએ મેં ઉડાતા ચલા ગયા

નસીબ કયારેક ક્રૂરતા પૂર્વક જિંદગી સાથે રોમાન્સ કરે છે. પણ જિંદગી એની મોહતાજ રહેતી નથી. એ લડે છે, જખ્મી થાય છે, ફરી ઊભા થાય છે ને જિંદગી સાથે મહોબ્બત વધતી જ જાય છે... જીવનનો અહેસાસ નસે-નસમાં દોડવા લાગે છે!!

એમનું નામ શ્રીકૃષ્ણ ચિપલોનકર! ગાંધીનગર એમને ચિપલોનકર દાદાનાં નામે ઓળખે છે. બહુ સરસ હસે છે. ખુલ્લા દિલે હસે છે. ઉંમરનાં ૭૩ માં પડાવ પર આજે જિંદગીનાં ગળાડૂબ પ્રેમમાં છે. એવું ચશ્માની પાછળની આંખોની ચમક કહી રહી હતી.

એ વખતે મારી ઉંમર ૧૮ વર્ષની હતી, એ જરા પણ વિષાદ વિના જરા પર થડકાર વિનાનાં અવાજમાં કહે છે, જયારે મારા પગ ટ્રેન નીચે કપાઈ ગયા.



આઈ વૉઝ એમ્પ્યુટેટેડ...' વાત ૧૯૫૮માં બરોડા શહેરની છે. જયારે છ ભાઈઓનાં એક ગરીબ પરીવારનો છોકરો જુવાનીનાં ઉંબર પર જ પગ ગુમાવી દે છે, જેણે બહુ નાની ઉંમરમાં જ પિતાની છત્રછાયા પણ ગુમાવી દીધી હતી. ઉડવા માટે આકાશ હતું, ફફડાવા માટે પાંખો નહીં. પણ જિંદગી પ્યાર કર્યો હતો. જીવવાનું તો હતું જ. ૧૮મુ વરસ હતું, કૉલેજ જવાના દિવસો હતા પણ ન હતા પગ, ન હતા પૈસા! એમ.એસ. યુનિવર્સિટી બરોડામાંથી આર્કિટેકચરનો કૉર્સ કરવાનો વિચાર આવ્યો... પરંતુ ઍડમિશન એટલે પરીક્ષા અને પરીક્ષા એટલે ફી? દરેક તબક્કા પર પ્રશ્નો પેદા થતા રહ્યા અને એક દિવસ તેઓ રજાના દિવસે જ કૉલેજ જઈ દિવસે પહોંચ્યા. સદ્‌ભાગ્યે ડીન ઓફીસમાં હતા ને એક મરાઠી ચપરાસી ઓફિસની બહાર બેઠો હતો. તેઓ અંદર ગયા, ને પી.જે.મદન નામના પંજાબી માણસ સાથે હિન્દીમાં વાત કરી... ને એડમિશન પાક્કું!! જહા ચાર, વહા રાહ...!! એડમિશન તો મળી ગયું ને ફી નો પ્રશ્ન ઊભો થયો અને મદદ કરનાર એક મિત્રએ હાથ લંબાવ્યો. ૨૦૦ રૂા. ટર્મ ફીને ૫૦ રૂા. કાશન ડિપોઝીટ ભરવાનાં પૈસા કૉ. ઑપરેટીવ બેન્કનાં ચેકમાંથી આપ્યા. ફી નો પ્રશ્ન હલ થયો ને સવાલ ઊભો થયો કૉલેજ આવવા જવાનો. સાઈકલ રીક્ષા વાળાને એ જમાનામાં મહિનામાં ૩૦ રૂપિયા આપવા પોષાય એમ ન હતું. કંઈ વાંધો નહીં. એમણે ચાલીને જવાનું નક્કી કર્યું. અને ચિપલોનકર આર્કિટેકચરનાં પાંચ વર્ષ રેડક્રોસની મદદથી પૂનાની મિલેટ્રી હોસ્પિટલમાં બેસાડેલા લાકડાનાં પગ પર ચાલીને કૉલેજ પહોંચે છે. અંદર કંઈક હતું જે જીવન પરની શ્રધ્ધા વધારી રહ્યું હતું.

અભ્યાસ પૂરો થાય છે, કૉલેજની બહારની સંઘર્ષની દુનિયામાં તે પણ પોતાના લાકડાનાં પગ મૂકે છે... અમદાવાદ, ચીફ આર્કિટેકટની ઓફિસ. વર્ષ ૧૯૬૫નું. નોકરી લાગી. પણ પાછો પ્રશ્ન - પહેલો પગાર તો મહિના પછી મળવાનો હતો, પણ ત્યાં સુધી અમદાવાદ નામનાં નવા અજાણ્યા શહેરમાં રહેવાનું - ખાવાનું કેવી રીતે? તેનો ખર્ચો... ૪૫ રૂપિયાનું જમવાનો, ૬૦-૭૦ રહેવાના ને ૨૦ પૈસાની લાલ દરવાજાથી પૉલિટેકનીકની ટીકીટ કુલ મળીને ૧૯૬૫ નાં અમદાવાદમાં એક મહિનાનો ખર્ચો ૨૦૦ રૂપિયા હતો ને તેમનાં ખિસ્સા ખાલી હતા. જેણે આપેલા ૩૦૦ રૂા. તેમણે એક વર્ષે પાછા આપ્યા.


અસ્સલ ડુંગળીઓ તો હવે મોંઘી થઈ ગઈ છે એટલે તેનો ફોટો જ સૂંઘાડું છું.
(ડુંગળીનો ભાવવધારો થયો તે વખતે દોરેલું કટાક્ષ ચિત્ર)

જિંદગી ચાલતી ગઈ. ૧૯૬૦ નાં દશકનો અંત સમય હતો. ચીફ આર્કિટેક્ટની ઓફિસ પર કામનો બોજ હતો, અમદાવાદની નજીક ગુજરાતની નવી રાજધાની નવું પાટનગર ગાંધીનગર! ઓફિસને અમદાવાદથી નિર્માણાધીન શહેરમાં ખસેડવાની હતી ને સાથે સાથે સ્ટાફને પણ... ને બરોડા છોડી અમદાવાદ આવેલા ચિપલોનકર સામે વળી પાછો પ્રશ્ન ઊભો થયો હવે શું કરવું? તે એ સમયે મદદે આવ્યા ત્રિવેદી સાહેબ, જે સેલ્સ ટેક્સ કમિશ્નર હતા ને તેમણે ટ્રાન્સફર રોકાવી અને પછી વર્ષ ૧૯૭૦ માં ચિપલોનકર દાદા બને છે, પાટનગરનાં પ્રારંભિક નિવાસીઓમાંના એક...!!

વર્ષ ૧૯૭૨, રસ્તા પર એક ભાઈને તેઓ ત્રણ પૈસાવાળી સાઈકલ ચલાવતા જુએ છે તે એ ભાઈને પૂછે છે. 'કયાંથી લાવ્યા.' 'હું જ બનાવું છું.' ને પછી દરિયાપુર મીલ કંમ્પાઉન્ડની બાજુમાંથી સાઈકલ બનાવનાર અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ભાઈ મગનભાઈ પટેલ પાસેથી ૫૫૦ રૂા. માં ખરીદેલી એક સાઈકલ આજે પણ એમની પાસે છે તે સચિવાલય ઓફિસમાં જવાનો 'પ્રશ્ન' પણ હલ થઈ ગયો.


'લવમૅરેજ' એ લગભગ ઉત્સાહથી બોલ્યા, 'ઈન્ટર કાસ્ટ, હું મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ ને 'એ' કચ્છી લોહાણા... ' લગ્ન ખૂબ મોટો, પ્રશ્ન હતો, જવાબદારી ભર્યો, નિર્ણય લેવો ખૂબ જ અઘરી હતો - કશ્મકશ ભર્યો અને ઘણું વિચાર્યા બાદ આખરે લગ્ન કર્યાં. 'છેલ્લા ચાલીસ વરસથી એ મારા પગ છે.' એવું એમણે ખુમારીથી કહ્યું.

સરસ જીવન ચાલતું હતું. ઉંમર વધી રહી હતી. વર્ષ ૧૯૮૧માં નૉર્મલ કઝિન્સની 'એનાત્રેમી ઑફ ઈલનેસ' વાંચી. પ્રભાવિત થયા. જિંદગી તરફનો આશાવાદ વધુ પ્રખર બન્યો. લગભગ એજ વર્ષે એમ.જે. લાઈબ્રેરીમાં સ્વાસ્થ્ય પરનું એક પુસ્તક વાંચીને પોતાનું જમવાનું અડધું કરી નાખ્યું. '૨૦ વરસનાં, ૪૦ વરસનાં, કે ૬૦ વરસનાં પેટની તાકાતમાં એમણે કહ્યું, ઘણો ફરક હોય છે.' અને ઉંમર સાથે 'જોડાયેલી' સમસ્યાઓ ઓછી થતી ગઈ.

લાકડાનાં પગ હતા. ઘણી મુશ્કેલીઓ આવતી. અલગ અલગ ભાગોનાં જોઈન્ટ્સ ઢીલા પડી જાય, નીચલા છેડા ઘસાઈ જાય, કયારેક અથડામણથી કે ઘસાવાથી તૂટી જાય... પણ એક હિંમત જ હતી નહતી તૂટતી. અને જેની હિંમત નવી તૂટતી તેની જિંદગી વધુ ને વધુ ક્રૂર પરીક્ષા લેતી રહે છે.

વર્ષ ૧૯૯૫ નું છે, તેમનો એક

### જિંદગી એટલે




નો એક દીકરો જે IIT - બોમ્બેની ક્રિકેટ ટીમનો કૅપ્ટન છે, તે જૉન્ડીસથી મૃત્યુ પામ્યો. કોઈ પણ માતા-પિતા માટે એક જવાન છોકરાની મોતથી વધુ ભયંકર શું હોઈ શકે? પણ આ માતાપિતા દુ:ખી ન થયા. જે થયું તે સ્વીકારી લીધું. 'પગ જે પોતાના શરીરનો ભાગ છે, 'થોડી ભાવુક સ્થિરતાથી કહ્યું' એ જ મારા ના રહી શક્યા, તો આ તો સ્વતંત્ર જીવ હતો. તો એનું દુ:ખ શા માટે?' આગળ કહે છે, 'બટ, આઈ લવ પીપલ, અમને યંગસ્ટર છોકરા છોકરીઓએ ઘણો પ્રેમ આપ્યો છે.' આર્કિટેકચરની એન્ટ્રેસ ટેસ્ટની તૈયારી માટે કોચિંગ કલાસ ચલાવતા ચિપલોનકર દાદાનાં વિદ્યાર્થીઓ આજે પણ ફોન કરીને કહે છે કે, દોઢ મહિનામાં તમો જે શીખવાડ્યું એ આજે પણ કામમાં આવે છે.

જિંદગીનો પ્રવાહ વધતો ગયો. થોડા વર્ષો પર અસ્થમા થયો ને બાબા રામદેવનાં પ્રાણાયામ. જોઈને શીખીને ચાર વર્ષમાં તો નેસ્તાનાબૂદ કરી નાખ્યો. બે વર્ષ પહેલાં પગમાં અચાનક જ બહુ સોજો રહેવા લાગ્યો, અસહ્ય દુ:ખાવો પણ. ડૉકટરે કહ્યું, 'મરશે નહીં, છેડા પર છે. ઓપરેશન થઈ શકે એમ નથી. થોડો સમય જવાં દો.' અને પછી ડૉકટરે પૂછી લીધું. કયારેક ગુમાવ્યા તમે પણ.' અને દાદા જવાબ આપે છે, '૫૦ વરસ પહેલાં!' અને ડૉકટર તેમને ફિઝિયોથેરાપીનાં વિદ્યાર્થીઓ અને ડૉકટર્સનાં કન્વેનશનમાં આમંત્રિત કરે છે. એ કન્વેનશનમાં ઓર્થોપેડિક સર્જન પૂછે છે. 'શું તકલીફ છે?'

(અનુસંધાન પાના નં. ૬ પર)